# ખેડબ્રહ્મા નગરપાલિકામાં હારેલા અપક્ષ ઉમેદવારનું અનોખું વિરોધ પ્રદર્શન

ખેડબ્રહ્મા, તા.૧૩

ખેડબ્રહ્મા પાલિકાની ચૂંટણીમાં વોર્ડ નંબર ૯માં અપક્ષ ઉમેદવાર તરીકે રાવલ બાલકૃષ્ણ દલસુખરામે પોતાની ઉમેદવારી નોંધાવી હતી. અપક્ષ ઉમેદવાર સામે બંને રાજકીય પક્ષના ૭ ઉમેદવારોએ પણ પોતાની ઉમેદવારી નોંધાવી હતી. આ અપક્ષ ઉમેદવાર આ ચૂંટણીમાં હારી ગયા



બાદ જાહેર રોડ ઉપર આળોટતા નજરે ચઢયા હતા. આ સમગ્ર ઘટનાની પોલીસને જાણ થતા તેમને નજીકની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરી દેવામાં આવ્યા હતા. બાલકૃષ્ણ રાવલે વાતચીતમાં જણાવ્યું હતું કે વોર્ડ નંબર ૯માં મારા હરીફ ઉમેદવારો દ્વારા બેફામ દારુ અને બિયરનું વિતરણ થયું છે અને મારા મતદારોને પ્રભાવિત કરવાનો પ્રયત્ન કરાયો છે. મને મતદાન મથક અને બુથમાં જતા અટકાવ્યો તેવો તેમણે આક્ષેપ કર્યો હતો અને આ રીતે અનોખો વિરોધ કરી લોકોમાં રમુજ પેદા કર્યો હતો. ચૂંટણીમાં દારુના વધુ પડતા ઉપયોગ સામે સમાજને આંગળી ચીંધી હોવાનું લોકોએ જણાવ્યું હતું.

# સાબરમતી જેલ સુરંગ ખોદવાની ઘટના અંગેનો તપાસ અહેવાલ સરકારને સુપ્રત કરાયો

ગાંધીનગર, તા.૧૩

સાબરમતી જેલમાં સીરીયલ બ્લાસ્ટના આરોપીઓ દ્વારા સુરંગ ખોદવા અંગેની ઘટના અંગેની જેલોના એડીશનલ ડી.જી.પી.એ તપાસ કરીને પોતાનો અહેવાલ સરકારને સુપ્રત કર્યો હોવાનું જાણવા મળે છે.

ગૃહ વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ અમદાવાદની સાબરમતી જેલમાં રહેલા સીરીયલ બ્લાસ્ટના આરોપીઓ દ્વારા જેલમાં સુરંગ ખોદવામાં આવી હતી.જો કે આરોપીઓ જેલમાંથી ભાગે પહેલાં જ આ સમગ્ર ઘટના જેલ તંત્રના ધ્યાનમાં આવી જવા પામી હતી.

આ બનાવની સરકારે ગંભીર નોંધ લઈને તાત્કાલિક અસરથી આ ઘટનાની તપાસ જેલોના એડીશનલ ડી.જી. અમીતકુમાર વિશ્વકર્માને સોંપીને ૪૮ કલાકમાં અહેવાલ સરકારને આપવા માટે તાકીદ કરી હતી.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ જેલોના એડીશનલ ડીજીપી અમીતકુમાર વિશ્વકર્માએ સાબરમતી જેલની મુલાકાત લઈને સુરંગ ખોદવાની ઘટના અંગે તપાસ કરીને પોતાનો અહેવાલ તૈયાર કરીને આજે સાંજે રાજય સરકારને સુપ્રત કર્યો હતો. સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ સરકારને મળેલ તપાસ અહેવાલનોઅભ્યાસ કરીને આવતીકાલે આ અહેવાલ બાદ શું કાર્યવાહી કરવી એ અંગેનો નિર્ણય રાજય સરકાર દ્વારા લેવામાં આવનાર હોવાનું જાણવા મળેછે. આ ઘટનાની અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા અલગથી તપાસ કરવામાં આવી રહી છે.




# નાણામંત્રીના અંદાજપત્ર પ્રવચનને આખરી ઓપ

ગાંધીનગર, તા. ૧૩

રાજયના નાણામંત્રીના અંદાજપત્ર પ્રવચનને તૈયાર કરી દેવામાં આવ્યું છે અને આવતીકાલે તેને આખરી ઓપ આપી દેવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

નાણા વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ ૨૦મીથી વિધાનસભાનું અંદાજપત્ર શરૂ થઈ રહ્યું છે. આ સત્ર આડે હવે માત્ર ૬ દિવસ જ બાકી રહ્યા છે. ૨૦મીએ રાજયના નાણામંત્રી નીતિનભાઈ પટેલ રાજયનું વર્ષ-૨૦૧૩-૧૪નું અંદાજપત્ર રજુ કરનાર છે.

નાણા વિભાગ દ્વારા તમામ વિભાગો સાથે પરામર્શ કરીને તેમની પાસેથી વિભાગોની નવી યોજનાઓ સહિતની બાબતોની વિગતો એકત્રીત કરીને અંદાજપત્ર તૈયાર કરવામાં આવ્યું છે. નાણામંત્રીના અંદાજપત્ર પ્રવચનમાં કઈ કી બાબતોનો સમાવેશ કરવો એ અંગે એક કાચો ડ્રાફ્ટ તૈયાર કરી દેવામાં આવ્યો છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આવતીકાલે મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં એક બેઠક મળનારી છે. જેમાં નાણા વિભાગ દ્વારા નાણામંત્રીના અંદાજપત્ર પ્રવચન તૈયાર કરવામાં આવ્યુ ંછે. એ અંગેનું પ્રેઝન્ટેશન બાદ અંદાજપત્ર પ્રવચનમાં સમાવેશ કરાયેલા મુદ્દાઓ અંગે પરામર્શ કરીને કયા મુદ્દાઓ રાખવા અને કયા મુદ્દાઓ કાઢી નાંખવા એ અંગે નિર્ણય લીધા બાદ નાણામંત્રીના અંદાજપત્ર પ્રવચનને આખરી ઓપ આપીને તૈયાર કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ નીતિનભાઈ પટેલ બીજીવાર વિધાનસભાગૃહમાં નાણામંત્રી તરીકે અંદાજપત્ર રજુ કરનાર છે ત્યારે તેમના પ્રવચનમાં પ્રજાકલ્યાણની કેટલીક નવી યોજનાઓ જાહેર કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

પ્રાપ્ત વિગતો મુજબ ભાજપ દ્વારા આગામી પાંચ વર્ષ દરમ્યાન ૫૫ લાખ આવાસો પૂરા પાડવા આપેલા સંકલ્પનો પણ અંદાજપત્રમાં સમાવેશ કરવામાં આવનાર હોવાનું જાણવા મળેછે. આ ઉપરાંત આરોગ્ય પરિવાર કલ્યાણ મહિલા બાળ વિકાસ વિભાગ સહીત કેટલાક મહત્વના વિભાગોને સ્પર્શતી યોજનાઓનો પણ આ અંદાજપત્રમાં સમાવેશ કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજયની વર્ષ-૨૦૧૩-૧૪ની વાર્ષિક યોજનાનું કદ નક્કી કરી દેવામાં આવ્યું છે. આ વર્ષે રાજયની વાર્ષિક યોજનાના કદમાં અંદાજે સાત ટકા જેટલો વધારો કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે. રાજયની આર્થિક સદ્ધરતા અને વિકાસને ધ્યાને રાખીને કેન્દ્રના આયોજન પંચ દ્વારા પણ વાર્ષિક યોજનાના કદમાં વધારો કરવા માટે સૂચવવામાં આવે છે.

# ધનસુરા પોલીસને ચકમો આપતી કસ્ટડીમાંથી બુટલેગર ફરાર

## ગભરામણના બહાને બહાર નિકળી પોલીસને ધક્કો મારી આરોપી ભાગી છૂટયો

હિંમતનગર, તા.૧૩

સાબરકાંઠા જિલ્લાના ધનસુરા પોલીસ મથકમાંથી મંગળવારની વહેલી સવારે વિદેશી દારૂમાં પકડાયેલો આરોપી પોલીસ મથકમાંથી નાસી ગયેલ જે અંગે ધનસુરા પોલીસે નાસી ગયેલ આરોપી વિરુદ્ધ ગુનો નોંધી શોધખોળ શરુ કરી હતી પરંતુ હજુ સુધી કોઈ પત્તો મળ્યો નથી.

વિગત મુજબ ધનસુરા પોલીસે વિદેશી દારુના ગુનામાં તાલુકાના રમાણા ગામનો રાકેશભાઈ માનાભાઈ પગીને પકડયો હતો જેને પૂછપરછ માટે કોર્ટમાં રજુ કરતા કોર્ટે એક દિવસના રિમાન્ડ આપ્યા હતા. જે રિમાન્ડ પર પોલીસ કસ્ટડીમાં હતો દરમિયાન ૧૧મી ફેબ્રુઆરીની રાત્રીના ૧ વાગેના સુમારે આરોપી રાકેશભાઈ પગીએ પોતાને ગભરામણ થાય છે તેવી ફરિયાદ મથકના પી.એસ.ઓ. દીપસિંહ કેસરીસિંહને કરેલ અને કહેલ કે મારે કુદરતી હાજતે જવું છે તેથી તેને બહાર કાઢતા દીપસિંહને ધક્કો મારી પોલીસ મથકમાંથી બહાર અંધારાનો લાભ લઈ નાસી ગયો હતો.

# મીઠા પોર્ટ નજીક સાત પાક માછીમાર સાથે બોટ જબ્બે

ભારતીય કોસ્ટ ગાર્ડ મીઠા પોર્ટથી ૬૯ કિલોમીટર દૂર ભારતીય જળ સીમામાં ઘુસી આવેલી પાકિસ્તાની બોટ અલ-રમઝાન સહિત સાત પાક.માછીમારોને ઝડપી પાડી ઓખા ખાતે મરીન પોલીસના હવાલે કર્યા હતા. ભારતીય કોસ્ટ ગાર્ડની યાદીના જણાવ્યા અનુસાર દરિયામાં પેટ્રોલીંગ કરી રહેલ કોસ્ટ ગાર્ડની ઈન્ટરસેપ્ટર બોટ સી-૪૦૧ને આજે મીઠા પોર્ટ નજીક પાકિસ્તાની બોટ દેખાતા તેને ઝડપી લેવા તેનો પીછો કરવામાં આવ્યો હતો. જ્યારે પાકિસ્તાની બોટે ભારતીય જળ સીમામાંથી ભાગી છૂટવા પાક તરફ ગતિ વધારી ત્યારે ભારતીય કોસ્ટ ગાર્ડ દ્વારા તેને ઝડપી પાડવામાં આવી હતી. આ બોટમાં સાત પાકિસ્તાની માછીમારો હતા અને બોટનું નામ અલ-રમઝાન હતું.




વેલેન્ટાઈન ડેની એકબાજુ ઉજવણીની તૈયારી ચાલી રહી છે ત્યારે બીજીબાજુ વેલેન્ટાઈન ડેનો વિરોધ પણ કેટલીક જગ્યાએ કરવામાં આવી રહ્યો છે. બુધવારે એક સ્કૂલની બહાર દેખાવો કરાયા હતા.

## વિદ્યાર્થીઓની સુવિધા માટે નિર્ણય

# બોર્ડ વેબસાઈટ પરથી પ્રશ્ન સંપૂટ ડાઉનલોડ કરી શકાશે

## જી-નીટ પરીક્ષા પ્રશ્નસંપૂટ બોર્ડની વેબસાઈટ ઉપર મુકાયા

અમદાવાદ, તા.૧૩

ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓને એન્જિનિયરીંગ અને મેડિકલમાં પ્રવેશ માટે જી અને નીટની પ્રવેશ પરીક્ષા લેવાય છે. જેમાં વિદ્યાર્થીઓને માર્ગદર્શન માટે શિક્ષણ બોર્ડ દ્વારા પ્રશ્ન સંપૂટ તૈયાર કરવામાં આવ્યા છે. જેનું જિલ્લા શિક્ષણ અધિકારીઓની કચેરીએ વિતરણ કરાઈ રહ્યુ છે. જેમાં હવે બોર્ડ વિદ્યાર્થીઓને સરળતા માટે આ પ્રશ્નસંપૂટ બોર્ડની વેબસાઈટ પર મુકવામાં આવ્યા છે. ગુજરાત માધ્યમિક અનેઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૨ના વિદ્યાર્થીઓ જી-નીટની પ્રવેશ પરીક્ષા આપી શકે તે માટે રસાયણ વિજ્ઞાન, ભૌતિક વિજ્ઞાન, જીવવિજ્ઞાન અને ગણિતના પ્રશ્નસંપૂટો તૈયાર કરવામાં આવ્યા છે. ગુજરાતી અને અંગ્રેજી માધ્યમમાં તૈયાર કરાયેલા આ પ્રસ્નો સંપૂટો વિદ્યાર્થીઓ અને વાલીઓની માંગને ધ્યાનમાં રાખીને બોર્ડની વેબસાઈટ ઉપર મુકવામાં આવ્યા છે.

વિદ્યાર્થીઓ બોર્ડની વેબસાઈટ ડબલ્યુ ડબલ્યુ ડબલ્યુ જીએસઈબીડોટઓઆરજી પરથી ડાઉનલોડ કરી શકાશે. આ માટે વિદ્યાર્થીઓએ બોર્ડની વેબસાઈટ ઉપર જી મેઈન બટન પર ક્લીક કરવાનું રહેશે. ત્યાં પાંચ નંબર ઉપર વિષયવાર અંગ્રેજી તેમજ ગુજરાતી પ્રસ્નસંપૂટો મુકવામાં આવેલા છે. ઉલ્લેખનિય છે કે બોર્ડ દ્વારા વિદ્યાર્થીઓને જી અને નીટની પ્રવેશ પરીક્ષામાં માર્ગદર્શન માટે ૩૪૬૯ પ્રશ્નો અને તેના જવાબ આવરી લેવા પ્રશ્નોસંપૂટો જેતે વિષયના નિષ્ણાંત શિક્ષકો પાસે તૈયાર કરવામાં આવ્યા છે. જેનું વિતરણ જિલ્લા શિક્ષણ અધિકારીઓની કચેરી ખાતે પણ કરવામાં આવી રહ્યુ છે.

# બોલેરા, રાજપુરા, અમરાપુરા તેમજ ગોરૈયા શાખા નહેરોમાં ૨૦મી તારીખ સુધી પાણી વહેશે

ગાંધીનગર, તા.૧૩

સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ દ્વારા એક અકબારી યાદીમાં જણાવાયેલ છે કે નહેર માળખાની બોલેરા, રાજપુરા, અમરાપુરા તેમજ ગોરૈયા શાખા નહેરોમાં પાણીનું વહન તારીખ ૨૦-૦૨-૨૦૧૩ સુધી ચાલુ રાખવાનો નિર્ણય કરાયેલ છે. આ શાખા નહેરોના પિયત વિસ્તારના ઉભા પાકની પાણીની જરૂરિયાત અંગે ખેડુતોએ કરેલી રજુઆતોને ધ્યાને લઈ નર્મદા નિગમે આ પ્રમાણે નિર્ણય કરેલ છે.

આમ છતાં આ વિસ્તારના ખેડૂતોને આ અખબારી યાદીથી જણાવાયેલ છે કે આ ચાર શાખા નહેરોના બાકી રહેલા કામો પૂર્ણ કરવા માટે તારીખ ૨૦મી ફેબ્રુઆરી બાદ આ શાખા નહેરોમાં પાણીનું વહન બંધ કરાનાર છે અને ત્યારબાદ પાણી અંગેની કોઈ પણ માંગણી ધ્યાને લેવામાં આવશે નહીં.

ખેડૂતોએ સિંચાઈ માટે વાપરવામાં આવતાં પાણીના નિયમોનુસાર માંગણીપત્રક ભરવાના રહેશે અને નિયત દરે પાણીનું ચુકવણું કરવાનું રહેશે. આ વિસ્તારના ખેડૂતોને આ અંગે સહકાર આપવા જાહેર વિનંતી કરાઈ છે કે જેથી બોલેરા, રાજપુર, અમરાપુરા તેમજ ગોરૈયા શાખા નહેરોના બાકી કામો પૂર્ણ કરી શકાય.

# દશકોશી પાંચ પરગણા બ્રાહ્મણ સમાજ ટ્રસ્ટ આયોજિત સત્કાર સમારોહ- સ્નેહમિલન કાર્યક્રમ

## ધારાસભ્ય પૂનમભાઈ મકવાણા- મેયર અસિતવોરાની પ્રેરક ઉપસ્થિતિ

ગાંધીનગર, તા. ૧૩

દશકોશી પાંચ પરગણા બ્રાહ્મણ સમાજ ટ્રસ્ટના ઉપક્રમે કુશાભાઈ ઠાકોર હોલ, અમદાવાદ ખાતે જ્ઞાતિબંધુઓનો સત્કાર સમારંભ તથા સ્નેહમિલન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

સમારોહના ઉદ્દ્ઘાટક પૂનમભાઈ મકવાણા અને પ્રમુખ અસિતભાઈ વોરા મેયર અમદાવાદ મહાનગર પાલિકા એ મહર્ષિ નેજાનંદ સ્વામીની તસવીર સમક્ષ દીપપ્રાગટ્ય કરીને કાર્યક્રમનો પ્રારંભ કરાવ્યો હતો.


સંસ્થાના પ્રમુખ અને મણિનગર વિસ્તારના કોર્પોરેટર કિરણભાઈ શ્રીમાળીએ સ્વાગત પ્રવચન કરી સંસ્થાનો પરિચય આપ્યો હતો તથા સમાજ વાડીનું કાર્ય અને સમુહલગ્નના આયોજનની વિગતો આપી દાનના પ્રવાહને આવકાર્યો હતો.

આ પ્રસંગે પૂનમભાઈ મકવાણા અને અસિતભાઈ વોરાએ વંચિતોના વિકાસ માટે સંવેદનના દીપ પ્રગટાવવા અપીલ કરને આ સમાજના મસમોટી આર્થિક ઉપાર્જન યોજના -આવસ યોજનાના ભાનુપ્રસાદ દવેએ સમાજની સામાજિક- સાંસ્કૃતિક ધરોહરને વધુ મજબૂત બનાવવા તથા શૈક્ષણિક પ્રગતિ કરીને ગણપતભાઈ પંડ્યા, રુચિત અને સુખાનંદ શ્રીમાળી પ્રેરીત કર્મકાંડના પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું હતું. તથા કૌશિક શ્રીમાળી ગ્રીષ્મા શ્રીમાળી દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યો હતો.

ખીચોખીચ ભરાયેલા હોલમાં સમાજના ભાઈ-બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ડૉ. ગુણવંતભાઈ પારેખ, જાસમીનભાઈ વાણીયા, સરખેજના સુખાનંદભાઈ શ્રીમાળી, સમાજ કલ્યાણ અધિકારી એન.જે. પંડ્યા, ભારતીય ગુરૂ બ્રાહ્મણ વિકાસ પરિષદના પ્રમુખ ગિરીશભાઈ પંડ્યા, મહામંત્રી રિન્કુભાઈ શ્રીમાળી, ચાંદખેડાના વિનોદ આર. ગાંધી, સહિત મહાનુભાવો તથા દશકોશી પાંચ પરગણા જ્ઞાતિ મંડળના સર્વ અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

પ્રમુખ કિરણકુમાર શ્રીમાળી, મંત્રી ત્રિભોવનભાઈ શ્રીમાળી, સુખાનંદભાઈ શ્રીમાળી, ખજાનચી ભાનુપ્રસાદ શ્રીગોડ, જ્ઞાતિપંચના પ્રમુખ ગીરધરભાઈ કે. પંડ્યા, મહામંત્રી ભગવતી પ્રસાદ, મફતલાલ શ્રીમાળી, દયાનંદ શ્રીમાળી, નટુભાઈ શ્રીમાળીએ કાર્યક્રમને સફળ બનાવવામાં ભારે મહેનત કરી હતી. દશકોશી પાંચ પરગણા બ્રાહ્મણ જ્ઞાતિપંચ તથા આગેવાનો, ભારતીય ગુરૂ બ્રાહ્મણ વિકાસ પરિષદ મહિલા પાંખના પ્રમુખ જશોદાબેન શ્રીમાળી, જશવંત શ્રીમાળી, યોગેન્દ્ર પંડ્યા, સમુનભાઈ પંડ્યા સહિત મહેમાનોનું ભાવપૂર્વક સ્વાગત પુષ્પહારથી કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે સ્વાગત ભોજનની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી.

# શબ્દાવલી - ૪૯૭૮



## આડી ચાવી

૧. વધારાનું ઉપરથી (૪)
૪. યુધ્ધ (૩)
૬. ગ્રાહક (૩)
૭. મેદાન (૩)
૮. આલાપ, સ્વર (૨)
૯. એક રમત (૩)
૧૨. સોંઘી (૨)
૧૩. મીઠું, સબરસ (૩)
૧૪. પરસ્ત્રી જેને... રે... વૈષ્ણવ જન તો... (૨)
૧૫. ... લગાના, અંદાજ, આશરો (૩)
૧૬. ખુબ, વધારે (૩)
૧૭. માથુ (૨)
૧૮. એક રાશિનું નામ (૩)
૧૯. પરોઢ, સુપ્રભાત (૩)

## ઊભી ચાવી

૧. બાકી લેણા માગવા તે (૪)
૨. ફૂલ-પુષ્પ (૩)
૩. ગરીબ (૨)
૪. તોફાન મસ્તી (૪)
૫. ગાયન - ગીત (૨)
૭. ચોખંડુ, ચારે ખુણા સરખા (૩)
૧૦. ભૂતકાળ (૩)
૧૧. આખા જગતને ખબર (૩)
૧૩. આખા જગતને ખબર હોય તેવું (૫)
૧૪. બેસવા-બોલવા-ચાલવાની એક ખાસ સ્ટાઈલ, અંદાજ (૨)
૧૫. નિવેડો, અંત (૩)
૧૬. પુનમના દિવસે દરિયામાં ભરતી આવે અને... ના દિવસે ઓટ (૩)

## શબ્દાવલી ૪૯૭૭ના જવાબ

**આડી ચાવી :-** (૧) સુવર્ણ જયંતિ (૬) સદા (૭) વાડ (૮) લચકદાર (૧૧) ચકમક (૧૩) મામાટ (૧૪) ચકાસણી (૧૭) તર (૧૮) વાલાદવલા (૧૯) હટાણું

**ઊભી ચાવી :-** (૧) સુસવાટો (૨) વદાડ (૩) જમાલ (૪) તિલક (૫) આંતરસો (૯) ચલકચલાણું (૧૦) નીકટ (૧૧) ચમાર (૧૨) આસવ (૧૩) માતમ (૧૫) કાદ (૧૬) ણીલાફ (૧૮) વાટા

## ઉનાળાનું આગમન.. ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હતા. મિશ્ર ઋતુના કારણે રોગચાળો વધ્યો હતો. સરકારી અને ખાનગી હોસ્પિટલોમાં દર્દીઓની સંખ્યા વધવા લાગી હતી. હવે ઉનાળો શરુ થશે એટલે રોગચાળા પર કાબુ આવશે. હવામાન ખાતાની આગાહી મુજબ આગમી દિવસોમાં હજુ તાપમાન ઉંચું જવાની સંભાવના છે. હવામાં ભેજ વધવાને કારણે ગરમી વધી હતી તેમજ પવનની દિશા બદલાવવાના કારણે પણ ઠંડીનું પ્રમાણ ઘટયું હતું. આ ઉપરાંત વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની સ્થિતિ પૂર્ણ થઈ જતા કોલ્ડ વેવ ધીમે ધીમે ઓછો થવા લાગ્યો છે. છેલ્લા બે દિવસથી તો બપોર સુધીમાં તડકો આકરો થઈ જતાં અત્યારથી જ લોકોને ટોપી-ચશ્માનો સહારો લેવો પડે છે. ઘણા મહિનાઓથી બંધ પંખા અને એસી ચાલુ થવા લાગ્યા છે. તેની ગતિ પણ વધવા લાગી છે. આગામી અઠવાડિયે ગરમીનો પારો ૩૬ ડિગ્રી સુધી પહોંચી જવાની આગાહી પણ કરવામાં આવી છે.

## ને ખબર પડી કે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પડેલા મૃતકના રેલવે કર્મી પિતાને સાંત્વના આપી હતી.

પ્રાપ્ત થતી માહિતી મુજબ ગઈ કાલે રાત્રે સાડા બાર વાગ્યાના અરસામાં વાવોલથી સે-૧૪નાં રેલવે ટ્રેક પર આશરે ૨૫ વર્ષની ઉંમરનો એક અજાણ્યો યુવાન 'ગરીબ રથ'ના ટાયર નીચે કપાઈ જતાં તેનું માથું ધડથી અલગ થઈને દોઢસો મીટર દુર જઈને પડયું હતું. આ કરુણ ઘટના કેવી રીતે સર્જાઈ? આપઘાત હતો કે અન્ય કોઈ કારણ? તે બાબત હજુ રહસ્યમય છે. ઘટનાની જાણ થતાં જ રેલવેનાં કર્મચારી સ્થળ પર દોડી ગયા હતાં અને યુવકની બોડીના છુટા થઈ ગયેલા બે ભાગ ભેગા કરીને રેલવે પોલીસને જાણ કરી બોલાવી લીધી હતી. જમાદાર અમૃતભાઈ અને પોલીસ કોન્સ્ટેબલ જશવંતસિંહ ચાવડાએ સ્થળ પર પહોંચીને અજાણ્યા યુવાનની ઓળખવિધિ માટે તપાસ શરુ કરી હતી. મૃતક યુવાનાન કપડા ફંફોસતા તેમાંથી એક મોબાઈલ મળી આવ્યો હતો જે રેલવે કર્મચારી કંડાસ્વામી દરબાર ૩ કલાકથી મૃતદેહ સાચવીને બેઠા હતા અને પોલીસને બોલાવી હતી તે કર્મચારી યુવાનના મૃતદેહ ફંફોસતા કપડામાંથી મળેલો મોબાઈલ જોઈને ચોંકી ઉઠયા હતાં. મોબાઈલ જોઈને ખ્યાલ આવ્યો કે તે મૃતદેહ તો પોતાના જ ૨૫ વર્ષીય દિકરા વિજય દરબારનો હતો. આ અંગે જાણ થતા જ તેમનું હૈયાફાટ રુદન શરુ થઈ ગયું હતું. સેકટર-૧૪ના રેલવે કોલોની બી-૧૧ એચ નંબરના મકાનમાં રહેતા અપરણીત યુવાન વિજયભાઈ કંડાસ્વામી દરબારના મૃતદેહને પોલીસે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ પોસ્ટ મોર્ટમ માટે મોકલી ઘટનાની વિગત બહાર લાવવા તજવીજ શરુ કરી છે.

## કંપની સમાચાર

### બજાજ ઓટો દ્વારા 'ધ અલ્ટીમેટ ૧૦૦' ની રજૂઆત

#### તદ્દન નવી ડીસ્કવર ૧૦૦ ટી બાઈકની ગુજરાતમાં રજૂઆત

વિશ્વની ત્રીજા નંબરની સૌથી મોટી મોટર સાયકલ કંપની બજાજ ઓટોએ વિશ્વની અતિ આધુનિક બાઈક ૧૦૦ સીસી બાઈક ડીસ્કવર ૧૦૦ ટી ની આજે રજૂ કરી છે. ડીસ્કવર ૧૦૦ ટુરર ભારતના ૧૦૦ સીસીના મોટર સાયકલ સેગમેન્ટમાં ક્રાન્તિ સર્જશે. બજાજની પેટેન્ટેડ ૪ - વાલ્વ **DTS-i** ટેકનોલોજી ધરાવતી બાઈક ડીસ્કવર ૧૦૦ટી માની શકાય નહીં તેવો ૧૦.૨ પીએસ. પાવર પૂરો પાડશે. જે ૧૦૦ સીસીની કોઈ પણ મોટર સાયકલ કરતાં ૩૦ ટકા વધુ છે અને તેમ છતાં લિટર દીઠ ૮૭.૩ કી.મી.ની બળતણ કાર્યક્ષમતા પૂરી પાડે છે.

કંપનીનાં વ્યૂહરચના અંગે વિગત આપતાં જનરલ મેનેજર - સેલ્સ (મોટર સાયકલ બિઝનેશ) વિમલ સુમ્બલીએ જણાવ્યું કે, ઘણાં લાંબા સમયથી વાહનચાલકો કંટાળાજનક અને ફેરફાર વગરની ૧૦૦ સીસી બાઈકથી ચલાવી લેતા હતા. ૧૦૦ સીસી બાઈક ચોક્કસપણે સારૂં માઈલેજ આપે છે. તેના પર્ફોર્મન્સ અને ફીચર્સ અંગે ઘણી અપેક્ષા રખાય છે. ઘણાં ખર્ચાળ ૧૦૦ સીસી બાઈકની વૃધ્ધિ દર્શાવે છે સસ્તા મોડેલના ભોગે આ વિકાસ થાય છે. વધુમાં તેમણે જણાવ્યું કે, તદ્દન નવું બાઈક ડીસ્કવર ૧૦૦ટી ૧૨૫ સીસીનો પાવર અને ૧૦૦ સીસી બાઈકની કરકસર પુરી પાડીને આ સેગમેન્ટમાં વાહન ચલાવવાનો આનંદ પુરો પાડે છે. અમે તેને 'ધ અલ્ટીમેટ ૧૦૦' કહીએ છીએ, કારણ કે તેનામાં આ મહત્ત્વના માર્કેટ સેગમેન્ટના અભૂતપૂર્વ પાવર, સ્ટાઈલ અને ફીચર્સ છે.

### વિરટોરીનોક્ષ સ્વીચ આર્મી દ્વારા એલ્નેક - મર્યાદિત એડીશન ૨૦૧૨ની રજૂઆત

#### ચુનંદા ઉપભોક્તાઓની નવી પસંદ

વિકટોરીનોક્ષ સ્વીસ આર્મી દ્વારા તેની સુવિખ્યાત અલ્નેક ઘડિયાળની ખુબ જ મર્યાદિત એડિશન ને બજારમાં મુકવામાં આવેલ છે. તેનું નામ પાછલ એક પ્રસંગ સંકળાયેલ છે. એલ્નેક એ સ્વીસ આર્મી ફોર્સનું મુખ્ય હેલીકોપ્ટર બેઝ છે. અને તે દેશનાં હાર્દ સમા ૪૪૫ મીટર ઊંચાઈ પર આવેલ છે. અને આટલી જ સંખ્યામાં આ ઘડિયાળ બજારમાં મૂકવામાં આવી છે. તને સ્ટાઈલ એ.એ.એસ. ૫૩૨ કવોર હેલીકોપ્ટર, તેની બ્લેક, કોકપિટ, ટર્બાઈન, અને કંટ્રોલર લેવલે ને મળતી આવે છે. તેનું ડાયલ નવ (પાવર રીવર્સ ઈન્ડીકેટર)ની લાક્ષણીકતા ઉમેરવામાં આવેલ છે. આ સંપૂર્ણ કાળા રંગ, શક્તિશાળી, એ મેસ્ક્યુલીન અભાવ આપે છે.

એક મજબૂત પ્રભાવ તેના ડાયલની રેખાઓ, અને ખૂણા નવી ડિઝાઈન, તેના કાળા બિંદુઓ, રંગ એક જ સરખો છે. તેનું ડાયલ પણ કાળુ છે. અને તેની પાછળનું ટેકનિકલ કારણ એ તેને વધુ સુંદર બનાવવાનું છે અને તેને ઘડિયાળનો દેખાવ આકર્ષક લાગે છે.

### મોરેલો યામાસાકી ભારતમાં પ્રથમવાર તમામ ઈલેક્ટ્રીક દ્વિચક્રી માલિકો માટે રજૂ કરે છે ફ્રી સર્વિસ કેમ્પ અને એક્સ્ચેન્જ મેળો

ઈલેક્ટ્રીક વાહનો માટેની ભારતની એકમાત્ર ઈન્ડો-જાપાનીઝ જોડાણ ધરાવતી ગુજરાત સ્થિત મોરેલો યામાસાકીએ ભારતમાં પ્રથમવાર જ દ્વિચક્રી વાહનચાલકો માટે ફ્રી સર્વીસ કેમ્પ અને એક્સચેન્જ મેળાની રજૂ કરે છે. આ ઝુંબેશ દ્વારા મોરેલો યામાસાકીની ઈલેક્ટ્રીક વાહન ઉદ્યોગમાં ભરોસો વધારવા અંગેની પ્રતિબધ્ધતા વ્યક્ત થાય છે.

આ ઝુંબેશની રજૂઆત કરતા મોરેલો યામાસાકીના સીઈઓ રજિત આર્યએ જણાવ્યું હતું કે 'અમે ટેકનોલોજીમાં માનીએ છીએ. ભવિષ્યમાં હરિત ટેકનોલોજીની જરૂરિયાત પડવાની છે, તેવા સંજોગોમાં ઈલેક્ટ્રીક વાહનોનો કોઈ વિકલ્પ નથી.'